**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**
**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ.,**
**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા.૩૯૦૦૦૭**
**સમક્ષ**
**કેસ નં.એમજી. IV -૧૫૫ -૨૦૧૩-૧૪**

**અરજદાર.** શ્રી શનુભાઇ ચીમનભાઇ પટેલ,
ગામ.લીમખેડા,(લુખાવાડા) તા.લીમખેડા, જી.દાહોદ

**રજુઆત કરનાર.** શ્રી શનુભાઇ ચીમનભાઇ પટેલ,
વિરૂધ્ધ્

**સામાવાળાઃ** નાયર ઇજનેર
મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ.,
પેટા વિભાગીય કચેરી, લીમખેડા

**રજુઆત કરનાર.** શ્રી વી.જી.ભાભોર, નાયબ ઇજનેર એમજીવીસીએલ, લીમખેડા
શ્રી જે.વી.જેઠવા, સીની.આસીસ્ટન્ટ.દાહોદ

તા.૨૦.૧૨.૧૩ ની ફરીયાદી ની "અનાજ દળવાની ઘંટી" ના બીલ અંગે ફરીયાદ.

તા.૭.૩.૧૪ ના રોજ ફરીયાદીની ફરીયાદ કન્ઝયુમર ગ્રીવન્સ રીડ્રેસલ ફોરમ સમક્ષ સાંભળવામાં આવી .જેમાં ફરીયાદી શનુભાઇ ચીમનભાઇ પટેલ જાતે હાજર રહયા તથા સામાવાળા એજીવીસીએલ તરફે બી.જી.ભાભોર ડેપ્યુ.એન્જી. તથા શ્રી જે.વી.જેઠવા, સીની.આસીસ્ટન્ટ.દાહોદ હાજર રહયા બન્ને પક્ષકારો ને સાંભળ્યા.

**કેસની ટુંકમાં વિગત નીચે મુજબ છે.**

૧. ફરીયાદીએ એજીવીસીએલની લીમેખેડા શાખા માંથી અનાજ દળવાની ઘંટી માટે વિદ્યુત જોડાણ મેળવવા માંગણી કરેલ. એજીવીસીએલ તરફથી સર્વે કરવામાં આવેલ તે મુજબ અંદાજપત્ર આપવામાં આવેલ જે ફરીયાદીએ ભર્યા હતા.

૨. ફરીયાદીના જણાવ્યા મુજબ અંદાજપત્રના નાણા ભર્યા પછી ખાતા તરફથી ટેસ્ટ રીપોર્ટ માંગવામાં આવ્યો નથી તથા વિદ્યુત કનેકશન આપવામાં આવ્યુ નથી મીટર પણ મુકવામાં આવ્યુ નથી.

૩. તેમ છતાં સામવાળાના નાયબ ઇજનેરશ્રી(સંઅનેનિ),લીમખેડા તરફથી ફરીયાદીને રૂા.૨૬,૦૮૨.૨૨/- મુદલ તથા વ્યાજના રૂા.૯,૧૨૮.૭૮ મળી કુલ્લે રૂા.૩૫,૨૧૧.૦૦/- ભરવાનો આદેશ આપવામાં આવેલ.

૪. આ અંગે લોક અદાલતમાં કેસ રીફર થતા લોક અદાલતમાં વ્યાજ બાદ કરતા મુદલ રૂા.૨૬,૦૦૦/- ભરવાનો આદેશ કરવામાં આવેલ. જે પૈકી રૂા.૫૦૦૦/- તા.૨૩.૧૧.૧૩ ના રોજ ફરીયાદીએ જમા કરાવ્યા હતા. બાકીના નાણા માટે હપ્તા નકકી કરવામાં આવેલ.

૫. ફરીયાદીના કહેવા મુજબ ફરીયાદીને વિદ્યુત જોડાણ આપેલ નથી તથા વિદ્યુત મીટર ન મુકેલ હોવા છતાં બીલ ભરવા માટે નો આદેશ આપવામાં આવેલ છે તે રદ કરવા તથા ભરેલ રકમ પરત મેળવવા માંગણી કરેલ છે.

૬. સામાવાળા એ જણાવેલ છે કે, ફરીયાદીએ ઔદ્યોગિક હેતુ માટે વીજજોડાણ ની માંગણી તા.૨૯.૩.૧૦ ના રોજ કરેલ. તેઓની અરજી અન્વયે સર્વે કરી તેમેને તા.૨૧.૪.૧૦ ના રોજ એસ્ટીમેંટ આપવામાં આવેલ. જે એસ્ટીમેંટ ની રકમ ફરીયાદીએ તા.૧૯.૫.૧૦ ના રોજ ભરપાઇ કરેલ તથા તા.૩૦.૬.૧૦ ના રોજ બે સાક્ષી સાથે હલકા દબાણ ઉપર વીજળી વાપરતા ગ્રાહકોએ આપવાના બાનાખત માં સહી કરી આપેલ. ફરીયાદીને ટેસ્ટ રીપોર્ટ આપવા જણાવેલ પરંતુ ફરીયાદીએ ટેસ્ટ રીપોર્ટ આપેલ નહીં, તેથી નિયમ મુજબ મીટર આપેલ નથી. એજીવીસીએલ ના નિયમ મુજબ કનેકશન એન.સી. રીલીઝ જાહેર કરેલ છે. ફરીયાદીએ એક પણ બીલના નાણા જમા કરાવેલ નથી જેથી કરાર મુજબ બે વર્ષના મીનીમમ બીલની કૂલ રકમ રૂા.૨૬૦૮૨.૨૨/- તથા વ્યાજના રૂા.૯,૧૨૮.૭૮ /- મળી કુલ્લે રૂા. ૩૫,૨૧૧.૦૦/- ફરીયાદીએ ભરવાના થતા હતા. પરંતુ ભરેલ નહીં જેથી આ રકમની રીકવરી માટે ફરીયાદીને તા.૨૩.૧૧.૧૩ ના રોજ લોક અદાલતમાં બોલાવવામાં આવેલ. લોડ અદાલતમાં સમજુતી થયા મુજબ ફરીયાદી રૂા.૨૬,૦૦૦/- ભરવા માટે સહમત થયેલ અને રૂા.૫,૦૦૦/- ભરપાઇ કરેલ અને બાકીની રકમ રૂા.૨૧,૦૦૦/- પાંચ હપ્તા થી ભરવા સહમત થયેલ. જે મુજબ અરજદારે રૂા.૪૨૦૦/- ના પાંચ હપ્તા ભરવાના હતા જે પૈકી પહેલા ની રકમ રૂા.૪૨૦૦/- ફરીયાદીએ તા.૧૮.૧.૧૪ ના ભરપાઇ કરેલ. ત્યારબાદનો એક પણ હપ્તો ફરીયાદીએ જમા કરાવેલ નથી. ફરીયાદીએ કુલ બાકી રૂા.૧૬,૮૦૦/- જમા કરાવવાના થાય છે.

૭. ફોરમાના સભ્યો સુનવણી વખતે હાજર બન્ને પક્ષકારોને સાંભળ્યા તથા રજુ કરેલ દસ્તાવેજ ધ્યાને લીધા. સામાવાળાએ ફરીયાદીને તા.૨૧.૪.૧૦ ના રોજ ફર્મ કવોટેશન આપેલ અને જણાવેલ કે, કવોટેશન મુજબની રકમ રૂા. ૫,૩૮૩/- તા.૨૦.૫.૧૦ પહેલા ભરી દેવા. જે મુજબ ફરીયાદીએ તા.૧૯.૫.૧૦ ના રોજ ફર્મ કવોટેશન મુજબની રકમ જમા કરાવેલ. તથા તા.૩૦.૬.૧૦ ના રોજ બે સાક્ષી સાથે હલકા દબાણ ઉપર વીજળી વાપરતા ગ્રાહકોએ આપવાના બાંહેધરી ખત(કરાર) ઉપર

સહી કરી આપેલ નિયમ મુજબ ફર્મ કવોટેશન ભર્યા પછી અને બાંહેધરી ખત ઉપર સહી કર્યા પછી ગ્રાહકે ટેસ્ટ રીપોર્ટ રજુ કરી કનેકશન ચાલુ કરાવવા ની ફરજ છે. તેમ છતાં ફરીયાદીએ ટેસ્ટ રીપોર્ટ રજુ કરેલ નહીં અને કનેકશન ચાલુ કરાવેલ નહીં..પરંતુ એકવાર  ફરીયાદી ગ્રાહક દ્વારા કરારનામા પર સહી કરેલ હોઇ,  ટેસ્ટ રીપોર્ટ રજુ ન કરવાથી  નોન કનેકટેડ રીલીઝ કનેકશનની મીનીમમ રકમ બે વર્ષ માટેની વસુલપાત્ર છે. તેમજ ફરીયાદી લોક અદાલતમાં તા.૨૩/૧૧/૨૦૧૩ ના રોજ હાજર રહી  માંડવાળની રકમને કબૂલ કરી,પાંચ હપ્તા  ભરવા સંમત થયેલ છે જેથી ફોરમના મંતવ્ય મુજબ ફરીયાદીએ લોક અદાલતમાં થયેલ સમજુતી મુજબ રકમ જમા કરાવવા જવાબદાર છે.

૯. હાલના કેસમાં ફરીયાદી ગ્રાહક માંગેલ કનેકટેડ લોડ ની મીનીમમ રકમ મુજબનું બીલ ભરવા જવાબદાર છે. લોક અદાલતમાં થયેલ સમજુતી મુજબ ફરીયાદીએ બાકીની રકમ એમજીવીસીએલ ને ચુકવી આપવી.

# હુકમ

ફરીયાદી શ્રી શનુભાઇ ચીમનભાઇ પટેલને હુકમ કરવામાં આવે છે કે, લોક અદાલતમાં થયેલ સમજુતી મુજબની રકમ એમજીવીસીએલ ને ચુકવી આપવી.

| | | |
|---|---|---|
| **(એમ.એમ.મરાઠે)** | **(હર્ષા એસ.ચૌહાણ)** | **(પી.જે.પટેલ)** |
| **(ટેકનિકલ મેમ્બર)** | **(ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર)** | **(ચેરપર્સન)** |

***PS :***

*If the complainant is not satisfied with the order of this Forum, the complainant may approach* The Staff Officer, Office of the Electricity Ombudsman, Gujarat Electricity Regulatory Commission, Barrack No.3, Polytechnic Compound, Ambawadi, Ahmedabad 380 015 *in accordance with Chapter-5, Clause No.13 of GERC Notification No.4 of 2005.*

**Procedure to make representations before Ombudsman*****

1. Representation should be in writing duly signed by the complainant with his name and address.
2. Representation should be supported with affidavit.
3. True copy of order of Forum and original complaint made before Forum should be attached. Enclosed documents should be certified copies of the original documents.

4. The representation before Ombudsman should be submitted within 30 days from the date of order of Forum.
5. Copy of representation should be submitted at the office of Ombudsman. Copy of representation should be submitted to all respondents.
6. If the complainant is required to pay any amount according to the order of Forum, one-third of such amount should be deposited by complainant and proofs should be attached along with the representation.
7. The matter should not be pending before the competent Forum or any other court, tribunal, arbitrator or any other authority.
8. All representations should be with a sufficient cause, reasonable diligence causing the consumer prima facie loss and damages / inconvenience.
9. Representation may be submitted in English or Gujarati language

*** http://www.gercin.org/docs/Cosumer%20Grievances/Procedure/Procedure.pdf